dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue- 02 | AD - 2026, Bhadarva Vad-06 | Friday, Dt. 02-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર





## શહેર આપણું છે,
## તો સ્વચ્છતાની જવાબદારી પણ આપણી છે

હવે તો કાયદો પણ કહે છે, સફાઈ આપણા સહુની જવાબદારી.

મહાનગરપાલિકા/નગરપાલિકા વિસ્તારમાં કચરો જોવા મળે તો ફોટો લઈએ, લોકેશન મોકલીએ અને વોટ્સએપ ચેટબોટ પર જાણ કરીએ




**ફોટો મોકલો**
ગંદકી હોય તે સ્થળનો ફોટો મોકલો

**લોકેશન શેર કરો**
સ્થળનું લોકેશન મોકલો

**ફરિયાદ નોંધાવો**
તમારી ફરિયાદ તાત્કાલિક નોંધાશે

**સ્વચ્છતા નિશ્ચિત**
તાત્કાલિક સફાઈ કાર્યવાહી શરૂ થશે

વોટ્સએપ પર અમને Hi મેસેજ કરો અને વિગત ભરો (ફોટો + લોકેશન + વર્ણન)

QR કોડ સ્કેન કરો અને ચેટબોટ સાથે જોડાઓ

**સંપર્ક માટે: 76228 80000**

"આપણે નક્કી કરવું જોઈએ - કચરો નહીં ફેલાવીએ. ઘર હોય, બહાર હોય કે આસપાસનો વિસ્તાર, સ્વચ્છતા સાથે ક્યારેય સમાધાન નહીં કરીએ."
**- નરેન્દ્રભાઈ મોદી,** વડાપ્રધાન

"સ્વચ્છતા આપણી જીવનશૈલી બનવી જોઈએ. નાનાં ગામડાંઓથી લઈને મોટાં શહેરો સુધી, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો મંત્ર ચોમેર ગૂંજવો જોઈએ."
**- ભૂપેન્દ્રભાઈ પટેલ,** મુખ્યમંત્રી, ગુજરાત

"પોતાના શહેરને સ્વચ્છ રાખવામાં પાલિકાના પ્રયાસોમાં સહભાગી થવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે."
**- હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**મારો કચરો, મારી જવાબદારી** | સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત /sbmugujarat /sbmugujarat /swachhgujarat www.sbmu-gujarat.in

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

શુક્રવાર, તા.૦૨-૧૦-૨૦૨૬

**ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયાના હસ્તે ઉદ્‌ઘાટન જ્યારે લોકાર્પણ રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા કરશે**

# નાની કુંકાવાવની માધ્યમિક શાળાનો રવિવારે લોકાર્પણ સમારોહ

અમરેલી,તા.૦૧

કુંકાવાવ તાલુકાના નાની કુંકાવાવ ગામે માધ્યમિક શાળાનું સંપૂર્ણ નવીનીકરણ, જીણાધ્ધાર અને સુશોભનનું કાર્ય પૂર્ણ થતાં આગામી તા. ૦૪/૧૦/૨૦૨૬ને રવિવારે સવારે ૮:૩૦ કલાકે નવીનીકૃત શાળાનો લોકાર્પણ સમારોહ શાળા પરિસરમાં યોજાશે. આ કાર્ય સ્વ. બાવાલાલ ભાઈ ભીખાભાઈ મોવલીયાની પાવન સ્મૃતિને અર્પણ કરવામાં આવ્યું છે.આ વિસ્તારના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે ઉજ્જવળ ભવિષ્યની નવી તકો મળી રહે તે હેતુથી શાળાનું રિનોવેશન કરવામાં આવ્યું છે. આવનારી પેઢીના સપનાઓને પાંખો આપતી આ શિક્ષણસેવાની નવી શરૂઆતના પાવન પ્રસંગે સૌને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.કાર્યક્રમમાં રાજ્યના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે શાળાનું લોકાર્પણ કરાશે. જ્યારે ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત રહેશે. નવીનીકરણ બાદ શાળાની ઈમારત આકર્ષક રંગરોગાન, હરિયાળી અને બાળકોને પ્રેરણા આપતા ચિત્રોથી શોભી ઊઠી છે. આ સમારોહના નિમંત્રક તરીકે ગ્રામ પંચાયત નાની કુંકાવાવ અને શાળા પરિવાર નાની કુંકાવાવ છે. ગામના આગેવાનો, વાલીઓ, શિક્ષણપ્રેમીઓ અને નાગરિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.



**સ્વ. બાવાલાલભાઈ ભીખાભાઈ મોવલીયાની સ્મૃતિમાં નવીનીકૃત શાળા શિક્ષણસેવાને સમર્પિત કરાશે**

# જાફરાબાદના મોચીવાડ વિસ્તારમાંથી બે પત્તાપ્રેમી પકડાયા, ત્રણ ફરાર થયા

જાફરાબાદ, તા.૦૧

જાફરાબાદના મોચીવાડ વિસ્તારમાંથી બે પત્તાપ્રેમી રૂ. ૨૪,૭૨૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા, જ્યારે ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હતા. ઈશ્વરભાઈ બારૈયાની વાડી પાસે યોગેશભાઈ ભરતભાઈ પરમાર તથા વિપુલભાઈ જીવણભાઈ ચૌહાણ ગંજીપત્તાનાં પાનાં તથા પૈસા વડે જાહેરમાં તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતાં રોકડા રૂ.૨૪,૭૨૦ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયા હતા. જ્યારે સુરેશભાઈ નાનજીભાઈ સાંખટ, પ્રકાશભાઈ જીતેન્દ્રભાઈ સાંખટ તથા કમલેશભાઈ જીવણભાઈ બારૈયા પોલીસને થાપ આપી નાસી છૂટ્યા હતા. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.



# રાજકોટ-રાજુલા વચ્ચે એ.સી. વોલ્વો બસ સેવા શરૂ કરાઈ

રાજુલા,તા.૦૧

રાજકોટ ડેપો દ્વારા રાજુલા અને રાજકોટ વચ્ચે ટુ-બાય-ટુ એસી વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી છે. રાજકોટથી રાજુલા તરફ બસ બપોરે ૧૨ વાગ્યે ઉપડશે, જ્યારે રાજુલાથી રાજકોટ તરફ બસ સવારે ૫:૩૦ વાગ્યે ઉપડશે. બસનું ભાડું રૂ.૩૪૦ રાખવામાં આવ્યું છે. રાજકોટ ડેપો મેનેજરના જણાવ્યા મુજબ પ્રવાસીઓને વધુ સુવિધા મળી રહે તે હેતુથી આ સેવા શરૂ કરવામાં આવી છે. રાજુલા-રાજકોટ વચ્ચે નિયમિત મુસાફરી કરતા પ્રવાસીઓને આરામદાયક મુસાફરીનો લાભ મળશે. આ બસનું ઓનલાઈન રિઝર્વેશન પણ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. જેથી પ્રવાસીઓ ઓનલાઈન ટિકિટ બુકિંગ કરી શકશે. એસટી વિભાગ દ્વારા પ્રવાસી જનતાને આ બસ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારોમાં મહેશ કસવાળાના હસ્તે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધાઓ વધુ સુદઢ બનાવવા રૂ.૪.૭૫ કરોડના બે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. વિજપડી ગામે રૂ.૨.૭૫ કરોડના ખર્ચે વિજપડીથી વિજપડી સ્ટેશન સુધીના આશરે ૫.૫૦ કિ.મી. માર્ગનું ડામર અને રી-સરફેસિંગનું કામ હાથ ધરાશે. મેરિયાણા ગામે રૂ.૨ કરોડના ખર્ચે મેરિયાણાથી વનાળા આશ્રમ તરફના માર્ગનું નિર્માણ કરાશે. આ માર્ગ પૌરાણિક દ્વારકાધીશ મંદિર સાથે જોડાયેલો હોવાથી શ્રધ્ધાળુઓ અને ગ્રામજનોને સુવિધા મળશે. જરૂરી સ્થળોએ સીસી રોડની કામગીરી પણ કરવામાં આવશે. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, સ્થાનિક આગેવાનો, ગ્રામજનો તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# બાબરા માર્કેટીંગ યાર્ડના ડિરેક્ટરોએ જગદીશ વિશ્વકર્માની મુલાકાત લીધી

બાબરા,તા.૦૧

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અમરેલી જિલ્લાના પ્રવાસે આવ્યા ત્યારે બાબરા માર્કેટિંગ યાર્ડના નવનિયુક્ત ડિરેક્ટરોએ તેમની શુભેચ્છા મુલાકાત લીધી હતી. વિશ્વકર્માએ ચૂંટણીમાં વિજયી બનેલા તમામ ઉમેદવારોને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, રાજુભાઈ ભૂતૈયા, ડિરેક્ટરો અશોકભાઈ રાખોલીયા, સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : દિપક કનૈયા

# બગસરા તાલુકામાં વિકાસકાર્યોનું પંચાયત પ્રમુખ દ્વારા ચેકિંગ કરાયું

બગસરા, તા.૦૧

બગસરા તાલુકાના વિવિધ ગામોમાં ચાલી રહેલા વિકાસકાર્યોની તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઈ સતાસિયા દ્વારા ઓચિંતી મુલાકાત લઈ ચકાસણી કરવામાં આવી હતી. તેમની સાથે સામાજિક ન્યાય સમિતિના સદસ્ય જીવનભાઈ મયાત્રા તથા અધિક મદદનીશ ઈજનેર ઉપસ્થિત રહ્યા હતા. જુના વાઘણીયા ગામે ચાલી રહેલા કોઝવેના કામની મુલાકાત લઈ જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ હડાળા ગામે સીસી રોડની કામગીરીનું સરપ્રાઈઝ ચેકિંગ કરી માર્ગદર્શન અપાયું હતું.

બંને કામોમાં ગુણવત્તા જળવાઈ રહે અને કોઈ ગેરરીતિ ન થાય તે અંગે સંબંધિતોને કડક સૂચનાઓ આપવામાં આવી હતી.


તસવીર : હાર્દિક બામટા

# જાફરાબાદમાં ખનીજ ચોરી સામે તંત્રની કાર્યવાહી : બિનઅધિકૃત ટ્રેક્ટરો ઝડપી પાડયા

**આનંદ મિનરલ પ્લાન્ટ સીઝ કરી ત્રણ બિનઅધિકૃત ટ્રેક્ટર ઝડપી પાડ્યાં**

જાફરાબાદ,તા.૦૧

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામ નજીક વડલી રોડ પર આવેલા આનંદ મિનરલ પ્લાન્ટ ખાતે ગેરકાયદેસર રીતે રેતીનો જથ્થો સપ્લાય કરવામાં આવતો હોવાની બાતમીના આધારે તંત્ર દ્વારા મોડી રાત્રે દરોડો પાડવામાં આવ્યો હતો.

તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ની મોડી રાત્રે મહેસૂલ વિભાગના પ્રાંત અધિકારી, રાજુલા તથા મામલતદાર, જાફરાબાદ અને તેમની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન ઉના તાલુકાની માલણ, ગાંગડા અને રાવલ નદીના પટ વિસ્તારમાંથી ગેરકાયદેસર ખનન કરી રેતીનો જથ્થો આનંદ મિનરલ ખાતે લાવવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું. દરોડા દરમિયાન તંત્રની ટીમે ત્રણ બિનઅધિકૃત ટ્રેક્ટર ઝડપી પાડ્યાં હતાં, જ્યારે કેટલાક ટ્રેક્ટરચાલકો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. તંત્ર દ્વારા આનંદ મિનરલ પ્લાન્ટ સીઝ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. આ મામલે સંડોવાયેલા ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. મોબાઈલ તથા અન્ય વિગતોના આધારે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# ચક્કરગઢ-પ્રતાપપરામાં રૂ. ૪.૪૦ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિકાસકામોને આગળ વધારવામાં આવી રહ્યા છે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી તાલુકાના ચક્કરગઢ અને પ્રતાપપરા મુકામે વિવિધ પ્રજાલક્ષી વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ચક્કરગઢ મુકામે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ની ગ્રાન્ટ હેઠળ અંદાજે રૂ. ૩.૩૦ કરોડના ખર્ચે નવા એપ્રોચ રોડ અને જરૂરી સ્ટ્રક્ચરના વિકાસકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ રોડના નિર્માણથી સ્થાનિક વાહનવ્યવહાર વધુ સુદ્રઢ અને સુગમ બનશે તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોને લાભ મળશે.

પ્રતાપપરા મુકામે લાંબા સમયથી સર્જાતી ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે અંદાજે રૂ. ૧.૧૦ કરોડના ખર્ચે ૬૦૦ મીટર લાંબા બાયપાસ રોડની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ બાયપાસ શહેરના મુખ્ય બાયપાસ સાથે સીધી કનેક્ટિવિટી આપશે, જેના કારણે ભારે વાહનોની અવરજવર ડાયવર્ટ થતાં આંતરિક માર્ગો પર ટ્રાફિકનું ભારણ ઘટશે.

આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં વિકાસની માત્ર વાતો નહીં, પરંતુ નક્કર અને પરિણામલક્ષી કામગીરી તેજ ગતિએ આગળ વધી રહી છે. ઠેબી નદી રિવરફ્રન્ટ, અમરેલી બાયપાસ રોડ, જી.આઈ.ડી.સી. તેમજ રાજમહેલ અને ક્લોક ટાવરના રિસ્ટોરેશન સહિતનાં કામો પણ આગળ વધશે.



## દામનગરમાં જાહેર માર્ગો પર પશુઓના અડીંગાથી વાહનચાલકો ત્રસ્ત



દામનગરમાં રસ્તાઓ પર રખડતા પશુઓને આશ્રયસ્થાને ખસેડવામાં નગરપાલિકા તંત્ર નિષ્ફળ રહ્યું હોવાની ચર્ચા છે. સરદાર સર્કલ, ભૂરખીયા ચોકડી પાસેના પુલ, બજારો, રાભડા-ધામેલ રોડ ચોકડી તથા સહકારી મંડળી નજીક પશુઓ રસ્તા પર બેસી રહેતા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલી પડી રહી છે. હાઈકોર્ટની ટકોર છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી.









# ગજેરા કેમ્પસના હોસ્ટેલ વિદ્યાર્થીઓ સન સોલાર પ્રા.લી. ની મુલાકાતે

**ધોરણ-૯ ના ૧૨૫ વિદ્યાર્થીઓએ ગાવડકા ખાતે શૈક્ષણિક પ્રવાસ કરી સોલાર વિશે માહિતી મેળવી**







અમરેલી, તા.૦૧

અમરેલી ગજેરા કેમ્પસ સંચાલિત હોસ્ટેલમાં રહેતા ધોરણ-૯ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે ગાવડકા ખાતે આવેલ સન સોલાર પ્રા.લી. કંપનીની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્ટેલમાં કુલ ૧૩૪ વિદ્યાર્થીઓમાંથી મુલાકાતના દિવસે હાજર રહેલા ૧૨૫ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને સન સોલાર પ્રા.લી. કંપની સુધી લઈ જવા માટે સંસ્થા દ્વારા કુલ ત્રણ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક બસમાં વિદ્યાર્થીઓની સાથે સ્ટાફ સભ્યોને પણ ફરજ પર મુકવામાં આવ્યા હતા, જેથી સમગ્ર મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષા અને વ્યવસ્થા જળવાઈ રહે.બસ નંબર-૧માં હિતેશભાઈ આગોલા, બસ નંબર-૨માં હર્ષદભાઈ ભૂંગાણી અને બસ નંબર-૩માં યશરાજભાઈ માંજરીયાએ વિદ્યાર્થીઓની જવાબદારી સંભાળી હતી.

સંસ્થા તરફથી તમામ સંબંધિત સ્ટાફ સભ્યોને અગાઉથી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. નિર્ધારિત સમય પહેલાં વિદ્યાર્થીઓ સાથે જરૂરી વ્યવસ્થા પૂર્ણ કરી સમયસર સ્થળ પર ઉપસ્થિત રહેવા માટે સ્ટાફને જણાવવામાં આવ્યું હતું, જેથી ઔદ્યોગિક મુલાકાતના કાર્યક્રમ દરમિયાન કોઈ પ્રકારની અગવડ ઊભી ન થાય.ગાવડકા ખાતે આવેલી સન સોલાર પ્રા.લી. કંપનીની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને સોલાર ઊર્જા અંગે પ્રાથમિક અને વ્યવહારુ માહિતી આપવામાં આવી હતી.સન સોલાર પ્રા.લી. પ્લાન્ટમાં સૂર્યપ્રકાશમાંથી વીજળી કેવી રીતે ઉત્પન્ન કરવામાં આવે છે, સોલાર પેનલ કેવી રીતે કાર્ય કરે છે તેમજ સોલાર ઊર્જાના ઉપયોગ અને તેના મહત્વ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓએ પણ સોલાર કંપનીની કામગીરીને નજીકથી નિહાળી રસપૂર્વક માહિતી મેળવી હતી.આ શૈક્ષણિક મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાન ઉપરાંત વાસ્તવિક ઔદ્યોગિક પ્રક્રિયાને સમજવાની તક મળી હતી. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓ સોલાર કંપનીની મુલાકાત લઈ અભિભૂત થયા હતા અને સોલાર ઊર્જા કેવી રીતે કાર્ય કરે છે તેની ઉપયોગી માહિતી મેળવી હતી.

# ખરીફ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ટેકાના ભાવે ખરીદીની આજથી ઓનલાઈન નોંધણી

અમરેલી,તા.૦૧

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ખરીફ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ડાંગર, મકાઈ, બાજરી, જુવાર અને રાગીની ટેકાના ભાવે ખરીદી માટે તા. ૨ ઓક્ટોબરથી ઓનલાઈન નોંધણી શરૂ કરવામાં આવશે. ખેડૂતો તા. ૩૧ ઓક્ટોબર સુધી ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનથી નોંધણી કરાવી શકશે. ખરીદી પ્રક્રિયા તા. ૧૬ નવેમ્બરથી ૧૫ જાન્યુઆરી સુધી હાથ ધરાશે. ડાંગર (કોમન) રૂ. ૨૪૪૧, ગ્રેડ-એ રૂ. ૨૪૬૧ અને મકાઈ રૂ. ૨૪૧૦ પ્રતિ ક્વિન્ટલના ભાવે ખરીદાશે. બાજરી, જુવાર અને રાગીમાં બોનસ પણ આપવામાં આવશે. નોંધણી સમયે આધાર કાર્ડ, ૭/૧૨, ૮-અ અને બેંક ખાતાની વિગતો રજૂ કરવાની રહેશે. મુશ્કેલી માટે હેલ્પલાઈન ૮૫૧૧૧૭૧૭૧૮ અને ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરી શકાશે.

# 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત બગસરામાં સફાઈમિત્ર સુરક્ષા અને સન્માન શિબિર યોજાઈ

બગસરા, તા.૦૧

"સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત બગસરા નગરપાલિકા દ્વારા સફાઈમિત્રોની સુરક્ષા, આરોગ્ય અને કલ્યાણ માટે "સફાઈમિત્ર સુરક્ષા અને સન્માન શિબિર" યોજાઈ હતી. કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડિયા, નગરપાલિકા પ્રમુખ નીરવભાઈ ગોંડલિયા તથા ચીફ ઓફિસર એચ.એ. કાતરીયા ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં સફાઈમિત્રો અને તેમના આશ્રિતોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી તેમજ પાત્ર લાભાર્થીઓને વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ અપાયો હતો. સફાઈ કામગીરી દરમિયાન સુરક્ષા માટે સફાઈમિત્રોને PPE કિટ અને પ્રોટેક્ટિવ ગિયરનું વિતરણ કરાયું હતું. ઉપરાંત સફાઈ કર્મચારીઓનું સન્માન, સંવાદ અને મનોરંજક રમતોનું આયોજન કરાયું હતું. નગરપાલિકાના પદાધિકારીઓ, સદસ્યો, અધિકારીઓ, સફાઈમિત્રો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : હાર્દિક બામટા

# ખાખરીયામાં 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત શ્રમદાનથી સફાઈ કરાઈ



તસવીર : વિજય માળી

બાબરા,તા.૦૧

બાબરા તાલુકાના ખાખરીયા ગામે આજે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત શ્રમદાનથી સફાઈ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી બાબરા, તાલુકા પંચાયતનો સ્ટાફ, જિલ્લા પંચાયત સદસ્ય, તાલુકા પંચાયત પ્રમુખ, ખાખરીયા ગ્રામ પંચાયતના સરપંચ, તાલુકા પંચાયત સદસ્ય સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ શ્રમદાન કરીને ગામમાં સફાઈ કરી હતી અને કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી બન્યા હતા.

# અમરેલી જિલ્લા જેલના ક્વાર્ટરમાં બોર્ડર વિંગના જવાનનું રહસ્યમય મોત

**રાત્રે ઊંઘ્યા બાદ સવારે જાગ્યા જ નહીં**

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લા જેલ ખાતે ફરજ બજાવતા બોર્ડર વિંગના એક જવાનનું સરકારી ક્વાર્ટર ખાતે રહસ્યમય સંજોગોમાં નિધન થતાં જેલ પ્રશાસન અને પોલીસ બેડામાં અરેરાટી વ્યાપી ગઈ હતી.પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલી જિલ્લા જેલમાં ફરજ બજાવતા બોર્ડર વિંગના જવાન રાત્રિના આશરે આઠ વાગ્યા બાદ પોતાના ક્વાર્ટર ખાતે ઊંઘવા ગયા હતા. ત્યારબાદ સવારે સામાન્ય સમય થવા છતાં તેઓ જાગ્યા ન હતા. આ બાબત ધ્યાને આવતાં તાત્કાલિક તપાસ કરવામાં આવી હતી, પરંતુ તેમના શરીરમાં કોઈ હલચલ ન જણાતાં સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ પ્રાથમિક તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વાય. કાઝી વધુ તપાસ કરી રહ્યા છે.

# મહારાષ્ટ્ર સહાદા કૃષિ કોલેજના વિદ્યાર્થીઓએ અમરેલીની પ્રાકૃતિક ખેતી કોલેજની મુલાકાત લીધી

અમરેલી,તા.૦૧

કોલેજ ઓફ એગ્રીકલ્ચર સહાદા, નંદુરબારના આઠમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ અમરેલી સ્થિત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, GNFSUની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન કોલેજના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને બજારમાં તેની વધતી માંગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વૈજ્ઞાનિકો ભૌમિક મકવાણા અને ડો. અભિષેક રાવલ દ્વારા વિવિધ બાયો ઈનપુટની બનાવટ તથા પ્રાકૃતિક કૃષિના પંચસ્તરીય મોડેલ ફાર્મ અંગે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દેશી ડાંગર, શાકભાજી, ઔષધીય પાક, દેશી બાજરી અને મિશ્રપાક મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓના પ્રશ્નોના વૈજ્ઞાનિકોએ સ્થળ પર જ જવાબ આપી સંતોષકારક નિવારણ કર્યું હતું. પ્રવાસ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી રહ્યો હતો.








**રાજયમંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા સહિતના આગેવાનોની હાજરીમાં**

# અમરેલીમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું સફાઈ અભિયાન

અમરેલી,તા.૦૧

'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત અમરેલી શહેરમાં સોમનાથ મહાદેવ મંદિર-ગઢની રાંગથી પાણી દરવાજા અને સ્વામીનારાયણ મંદિર વિસ્તાર સુધી મહા સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. જેમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયા, અતુલ કાનાણી સહિતના અગ્રણીઓએ સાવરણા હાથમાં લઈ શ્રમદાન કર્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા સહિત સ્થાનિક પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો, અધિકારીઓ અને સફાઈ કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉપસ્થિત અગ્રણીઓએ શહેર અને જિલ્લામાં સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓને વધુ વેગ આપવાની નેમ વ્યક્ત કરી હતી. સ્વચ્છતા અને આરોગ્ય એકબીજા સાથે સીધા સંકળાયેલા હોવાથી નાગરિકોને આસપાસનું વાતાવરણ સ્વચ્છ રાખવા અપીલ કરવામાં આવી હતી. પાલિકા દ્વારા ઘર, ઓફિસ અને દુકાનનો કચરો જાહેરમાં ન ફેંકી કચરા કલેક્શન વાહન અથવા કચરાપેટીમાં નાખવા અનુરોધ કરાયો હતો. તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને અમરેલીને સ્વચ્છ તથા પ્લાસ્ટિકમુક્ત બનાવવા લોકભાગીદારી માટે આહવાન કરવામાં આવ્યું હતું.



## -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે અમો જમીનના માલીક વિનુભાઈ ગંગદાસભાઈ તળાવિયાની કબજા ભોગવટાની માલીકીની અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના લુવારીયા ગામે આવેલ જુની શરતની ખેતીની જમીન જેના રે.સ.નં.૩૦૯, (જુનો રે.સ.નં.૧૧૨ પૈકી ૧), જેના કુલ હે.આરે. ૨-૨૦-૯૧ ચો.મી. માંથી પૈકી ભાગ હે.આરે. ૦-૮૦-૯૫ ચો.મી. વાળી જમીન વેચાણથી આપવાનુ નકકી કરેલ હોય અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તથા જમીનનો કબજો સોપવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે અમો યાને જમીનના માલીક સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવી ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધિકારના હકકો, પરત્વે કોઈ વ્યક્તિ, શખ્સ, સંસ્થા, પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલ્કત પરત્વેના ભરણ પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૦૭(સાત) માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો ઉપરોકત સર્વે નંબર વાળી જમીનના ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે તેવુ માનીને વેચાણ વ્યવહારની પ્રકિયા પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમોને કે ખરીદનારાઓને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ :-
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
સ્ટેશન રોડ, સોમનાથ કોમ્પ્લેક્ષ પહેલો માળ,
નગરપાલીકા કચેરીની સામે, મુ. લાઠી,
તા.લાઠી, જી.અમરેલી મો.નં. ૭૬૯૮૧ ૯૨૧૯૧

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
(વિનુભાઈ ગંગદાસભાઈ તળાવિયા)






# લીલીયાના દાડમા (પુતળીયા) ગામે પ્રેમલગ્ન બાદ દીકરી સાથે બોલવા મુદ્દે માતા પર હુમલો

**આશા વર્કર તરીકે કામ કરતી મહિલાએ ફરિયાદ નોંધાવી**

લીલીયા, તા.૦૧

લીલીયાના દાડમા (પુતળીયા) ગામે પ્રેમલગ્ન બાદ દીકરી સાથે બોલવા મુદ્દે માતા પર હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે આશા વર્કર તરીકે કામ કરતાં દયાબેન હરિભાઈ લુહાર (ઉં.વ.૪૨) એ પ્રતાપભાઈ મૂળજીભાઈ સારીખડા, મૂળજીભાઈ ખીમાભાઈ સારીખડા, જસુબેન મૂળજીભાઈ સારીખડા તથા રસિલાબેન ઉર્ફે પૂજાબેન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પ્રતાપભાઈ મૂળજીભાઈ સારીખડાએ તેમની દીકરી રીનાબેન સાથે તેમની મરજી વિરુધ્ધ પ્રેમલગ્ન કર્યા હતા. હાલમાં તેમની દીકરી તેમની સાથે બોલવા લાગી હતી, જે બાબતનું મનદુઃખ રાખી પ્રતાપભાઈ મૂળજીભાઈ સારીખડાએ તેમને છૂટા હાથે ઈંટ મારી ડાબા હાથે ફ્રેક્ચરની ગંભીર ઈજા પહોંચાડી હતી તથા ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ અન્ય આરોપીઓએ પણ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગૌતમભાઈ વલકુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત સફાઈ મિત્ર સુરક્ષા શિબિર યોજાઈ

અમરેલી,તા.૦૧



અમરેલી નગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ અંતર્ગત જેસીંગપરા શિવાજી ચોક ખાતે આવેલી પટેલ વાડીમાં સફાઈ મિત્ર સુરક્ષા શિબિર યોજાઈ હતી. શિબિરમાં સફાઈ કામદારો અને તેમના પરિવારજનો માટે આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો હતો. વિવિધ સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે જરૂરી માર્ગદર્શન પણ સ્થળ પર આપવામાં આવ્યું હતું. સફાઈ મિત્રો શહેરને સ્વચ્છ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવતા હોવાથી તેમની કામગીરી દરમિયાન સુરક્ષા જળવાઈ રહે તે માટે પી.પી.ઈ. કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ સુરક્ષા સાધનોના ઉપયોગ અંગે સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય, હોદ્દેદાર વિજયભાઈ ચોટલીયા સહિત નગરપાલિકાના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સોલાર પાવર પ્લાન્ટમાં રૂ. ૪.૬૦ લાખના નુકસાન અંગે ફરિયાદ

નાગેશ્રી, તા.૦૧

સોલાર પાવર પ્લાન્ટમાં રૂ. ૪.૬૦ લાખના નુકસાન અંગે મૂળ મધ્યપ્રદેશના સિહાવલના દુરાવ ગામના અને હાલ રાજુલા ખાતે રહેતા પ્રિન્સકુમાર ગિરજાપ્રસાદ શુક્લા (ઉં.વ.૩૧)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમની કંપનીની સોલાર પાવર પ્લાન્ટની સાઈટ પરથી અલગ-અલગ તારીખ તથા સમયે રાત્રિના કોઈ અજાણ્યા ઈસમે પ્લાન્ટની કમ્પાઉન્ડ વોલ કૂદીને આવી, વિવિધ કેબલ કાપીને રૂ. ૪,૬૦,૩૧૨નું નુકસાન કર્યું હતું અને ફરાર થઈ ગયો હતો.

નાગેશ્રી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.ડી. હડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# તોરી ગામે આંગણ મિલન ઉત્સવ સેવા કાર્યક્રમ યોજાયો

તોરી,તા.૦૧



તસવીર : વિનુભાઈ કોટડીયા

તોરી ગામે આંગણ મિલન ઉત્સવ સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ સગર્ભા માતાઓ, કિશોરીઓ તથા બાળકોના પોષણ અને આરોગ્ય અંગે જાગૃતિ લાવવાનો તેમજ સરકારની પોષણલક્ષી સેવાઓનો લાભ જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી પહોંચાડવાનો હતો. આ કાર્યક્રમમાં સરપંચ પરેશભાઈ કોટડીયા, પંચાયતના સભ્યો વિપુલભાઈ ડાંગર અને કિશોરભાઈ વાળા, તોરી પોસ્ટ ઓફિસના જીડીએસ અંકિતભાઈ તળાવીયા, એફ. એચ.ડબલ્યુ. અસ્મિતાબેન, મહિલા અને બાળ વિકાસ વિભાગ (ICDS)ના સુપરવાઈઝર સુનીતાબેન માલણકિયા, આશા બહેનો, આંગણવાડી વર્કર-હેલ્પર બહેનો તેમજ ગામના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડી વર્કર અને સુપરવાઈઝર દ્વારા કુપોષણ દૂર કરવા માટે નિયમિત તથા પોષણયુક્ત આહારનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. બાળકો તથા મહેમાનોને સુખડી અને ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરપંચ પરેશભાઈ કોટડીયા દ્વારા આંગણવાડી વર્કર બહેનોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ધારીમાં જમીનમાં જુવાર વાવવા બાબતે ઠપકો આપતાં છરીના ઘા માર્યા

ધારી, તા.૦૧

ધારીમાં જમીનમાં જુવાર વાવવા બાબતે ઠપકો આપતાં છરીના ઘા મારવામાં આવ્યા હતા.

રણજીતસિંહ ગોહિલ (ઉં.વ.૪૪)એ પ્રદ્યુમનસિંહ ભીખુભાઈ ગોહિલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને જમીનમાં જુવાર વાવવા બાબતે ઠપકો આપી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ પેટના ડાબા ભાગે છરીના બે ઘા મારી ચાર ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ટાઉન પોલીસની ટ્રાફિક ડ્રાઈવ, વાહનચાલકોનું સઘન ચેકિંગ

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલામાં સુગમ વાહન વ્યવહાર જળવાઈ રહે અને માર્ગ અકસ્માતો અટકે તે માટે ટાઉન પોલીસ દ્વારા મુખ્ય માર્ગો ઉપર ખાસ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. પી.આઈ. કે.બી. સોલંકી અને પી.એસ.આઈ. એચ. એમ. અગ્રાવતના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ, ટ્રાફિક બ્રિગેડ તથા હોમગાર્ડના જવાનોએ સઘન વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. ડ્રાઈવ દરમિયાન વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા, હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ કરવા તેમજ વાહનો યોગ્ય જગ્યાએ પાર્ક કરવા અંગે સમજણ આપવામાં આવી હતી. વાહનચાલકો પાસે જરૂરી દસ્તાવેજો છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી હતી. નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે, આ ઝુંબેશનો હેતુ માત્ર દંડ વસૂલવાનો નહીં પરંતુ નાગરિકોમાં ટ્રાફિક શિસ્ત કેળવવાનો છે. આગામી સમયમાં પણ આવી ડ્રાઈવ ચાલુ રાખવામાં આવશે.

# ખેલ મહાકુંભમાં રાજુલાના ખેલાડીએ ચેસ સ્પર્ધામાં સતત બીજા વર્ષે દ્વિતીય ક્રમ મેળવ્યો

રાજુલા,તા.૦૧



ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત રાજુલાની તાલુકા કક્ષાની અન્ડર-૧૪ ચેસ સ્પર્ધાનું આયોજન રામપરા-૨ વૃંદાવન શાળા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શહેરની સેન્ટ મેરી સ્કૂલના ધોરણ-૬ના વિદ્યાર્થી જય સુરેશભાઈ રાઠોડે ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને કુલ ૬ રાઉન્ડમાં વિજય મેળવી બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. નોંધનીય છે કે જય રાઠોડે સતત બીજા વર્ષે તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. જય રાઠોડની આ સિધ્ધિ બદલ પરિવારજનો, શિક્ષકો અને શાળા પરિવારે અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ધારીમાં 'કેસ પાછો ખેંચી લેજો, નહીંતર જીવતા નહીં રહેવા દઈએ' કહી ધમકી આપી

**ધારીની મહિલાએ મહિલા સહિત બે લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૦૧

ધારીમાં રહેતાં શોભનાબેન પરશોત્તમભાઈ ધંધુકિયા (ઉં.વ.૩૫)એ સુનીલ રવિભાઈ જાદવ તથા નીમબેન રવિભાઈ જાદવ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાક્ષીઓ બજારમાં કૂતરું હડકાયું થયું હોવાથી તે જોવા માટે બજારમાં જતાં હતાં, ત્યારે આરોપીઓએ તેમને તથા સાક્ષી રવિભાઈને ગાળો આપી હતી. તેમજ "અગાઉ થયેલો કેસ પાછો ખેંચી લેજો, નહીંતર જીવતા નહીં રહેવા દઈએ" તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સિવાય સુનીલ જાદવે કૂહાડી લાવીને કૂહાડીના પાછળના ભાગનો (મૂંઢ) એક ઘા રવિભાઈને ડાબા પડખા પર માર્યો હતો.

જ્યારે નીમબેન જાદવે શરીરે આડેધડ મૂંઢ માર મારી ગાળો આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ
તા.૦૨-૧૦-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૧૪,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષા

## દૈનિક રાશિફળ

**તા.૦૨-૧૦-૨૦૨૬ શુક્રવાર**

મેષ: પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે

વૃષભ: ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

મિથુન: સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે.

સિંહ: વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે.

કન્યા: રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.

તુલા: કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે.

વૃશ્ચિક: દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે.

ધન: વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો.

કુંભ: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો, નહીં તો ખોવાઈ જવાનો ડર રહેશે.

મીન: વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ.

# દામનગરમાં આંગણ ઉત્સવ યોજાયો



તસવીર : વિનોદ જયપાલ

દામનગર,તા.૦૧

દામનગર શહેરમાં આઈસીડીએસ વિભાગના માર્ગદર્શન હેઠળ સુપરવાઈઝર ફાલ્ગુનીબેન છત્રાલની અધ્યક્ષતામાં આંગણ ઉત્સવ યોજાયો હતો. કાર્યક્રમમાં વાલીઓ, આશા વર્કર બહેનો, નગરપાલિકાના સદસ્યો અને સામાજિક સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પાલિકા તરફથી વોટર બેગનું વિતરણ કરાયું હતું. શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. બાળકોને પેન્સિલ, બુક, ચોકલેટ અને ફળો આપી નવાજવામાં આવ્યા હતા. પોષણયુક્ત આહારના પેકેટનું પણ વિતરણ કરાયું હતું.

# દામનગરમાં ગટરના ઊંચા ઢાંકણાથી અકસ્માતનો ભય

દામનગર,તા.૦૧



દામનગરમાં પોલીસ સ્ટેશન સામેથી પસાર થતા મુખ્ય માર્ગ પર ગટરના ઢાંકણા રોડના લેવલથી ઊંચા હોવાના કારણે વાહનચાલકો માટે અકસ્માતનો ભય સર્જાયો છે. અહીં રસ્તાની નીચેથી પસાર થતી ગંદા પાણીની પાઈપલાઈનના ઢાંકણા રોડથી ઊંચા હોવાથી વાહનચાલકોનું વાહન તેના ઉપરથી પસાર થાય ત્યારે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવવાની શક્યતા રહે છે. જેના કારણે ગંભીર અકસ્માત સર્જાઈ શકે તેવી સ્થિતિ ઉભી થઈ છે. કોઈનો જીવ જાય તે પહેલાં જ્યાં જ્યાં આવા ઢાંકણા રોડ લેવલથી ઊંચા હોય ત્યાં તેને રસ્તાના લેવલમાં લેવલ કરવા કોન્ટ્રાક્ટરને સૂચના આપી તાકીદે કામગીરી કરાવવા સ્થાનિક તંત્ર સમક્ષ માંગ ઉઠી છે.

# રાજુલામાં મધરાતે બંધ દુકાનોના તાળાં ફંફોળતા બે શકમંદ ઝડપાયા

રાજુલા, તા.૦૧

રાજુલા શહેરમાં મોડી રાત્રિના અંધારામાં શંકાસ્પદ હાલતમાં લપાતા-છુપાતા અને બંધ દુકાનોના તાળાં ચકાસતા બે શખ્સો પોલીસના હાથે ઝડપાયા હતા. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી વિગતો અનુસાર, પિન્ટુ ઉર્ફે જગી જગદીશભાઈ પરમાર (ઉં.વ.૨૦) તથા દિલીપભાઈ રમેશભાઈ સારોલિયા (ઉં.વ.૨૨) રાત્રિના સુમારે કોઈ મિલકત વિરુદ્ધનો ગંભીર (કોગ્નિઝેબલ) ગુનો આચરવાના ઈરાદે વિસ્તારમાં રખડતા-ભટકતા જોવા મળ્યા હતા. તેઓ બંધ દુકાનો પાસે શંકાસ્પદ રીતે હિલચાલ કરી તાળાં ફંફોળતા નજરે પડતાં ઝડપી પાડવામાં આવ્યા હતા. કોઈ મોટી ચોરી કે ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપે તે પહેલાં જ પોલીસે તેમને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**ચોરીના ઈરાદે ફરતા હોવાની આશંકા**

# બાબરાના ચરખા ગામે શોર્ટ સર્કિટ થવાથી કાર આગમાં બળીને ખાખ

બાબરા, તા.૦૧

બાબરાના ચરખા ગામે શોર્ટ સર્કિટ થવાથી કાર આગમાં બળીને ખાખ થઈ ગઈ હતી. આ અંગે વિરમભાઈ હકાભાઈ ધ્રાંગિયા (ઉં.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમની કાર પોતાના રહેણાંક મકાનના ફળિયામાં પાર્ક કરેલી હતી. જેમાં અચાનક કોઈ કારણોસર શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી અને કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જે.આર. દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

## જાહેર નોટીસ

**લાઠીના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ શ્રી આર. એ. નાગપાલ સાહેબની કોર્ટમાં, મુ. લાઠી, જી. અમરેલી.**

અરજદાર તર્ફે વિ.વકીલશ્રી વી.જે. બોઝા
રે.દિ.મુ.નં.૦૬/૨૦૨૬ મુ.તા. ૨૬/૧૦/૨૦૨૬

વાદી :- **સતિષભાઈ અવિંદભાઈ સોરઠીયા.**
**રહે. વાણીયા શેરી લાઠી, તા.લાઠી, જી. અમરેલી.**

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- કોઈ નહીં

બાબત :- ભારતીય વારસાઈ ધારાની કલમ-૨૭૬ અન્વયે વારસાઈ સર્ટીફિકેટ મળવા બાબત.

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોકત અરજદાર સતિષભાઈ અવિંદભાઈ સોરઠીયા રહે.વાણીયા શેરી લાઠીવાળાએ અત્રેની કોર્ટ પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ લાઠી ખાતે ભારતીયા વારસાઈ ધારાની કલમ-૨૭૬ અન્વયે દિવાની પરચુરણ અરજ નં. ૬/૨૬ દાખલ કરેલ છે. ઉપરોકત અરજદારે તેમની અરજીમા જણાવ્યા મુજબ અરજદારના માતા રમાબેન અરવિંદભાઈ સોરઠીયાનું ગતા તા. ૧૭/૦૫/૨૬ ના રોજ અવસાન થયેલ છે. જેમની અંતીમ વીધી અરજદારે કરેલ છે. અરજદારના પિતાનું અવસાન તા. ૧૦/૦૭/૨૪ ના રોજ થયેલ હતુ. અરજદારના માતા-પિતાના લગ્ન જીવનથી સંતાનમાં એક પુત્ર અને પાંચ પુત્રઓનો જન્મ થયેલ. પુત્રીઓમા (૧) નીલમબેન (૨) સુરભીબેન (૩) અલ્કાબેન (૪) નિશાબેન (૫) ફાલ્ગુનીબેન છે.

ગુજ.રમાબેન અરવિંદકુમાર સોરઠીયાએ તેમની હયાતીમા તા.૧૬/૦૧/૨૦૦૮ ના રોજ સાક્ષીઓની હાજરીમાં એક રજીસ્ટર વીલ અરજદારની તરફેણમા કરેલ, જે વીલ લાઠી સબ રજીસ્ટાર કચેરીમા અનુ.નં.૩૧ થી તા.૧૬/૦૧/૨૦૦૮ થી નોંધાયેલ છે. જે મીલ્કતો નીચે મુજબ છે.

(૧) મોજે ગામ લાઠીમા આવેલ મીલ્કત રહેણાંક મકાન જેના સિ.સ. ૧૨૯૦ ચો.વા.૨૬૧-૦૦, ચો.મી.૨૧૮-૨૩ છે.

(૨) મોજે ગામ પાલીપાણા, જી.ભાવનગરમાં આવેલ રે.સ.નં.૩૫/૧ બીનખેતી કરી રહેણાંકના હેતુ માટે પાડવામા આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૭ જેના ચો.મી.૩૨૪-૦૦ છે.

(૩) મોજે ગામ પાલીપાણા, જી.ભાવનગરમાં આવેલ રે.સ.નં.૨૯૩મા બીનખેતી કરી રહેણાંકના હેતુ માટે પાડવામા આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૩૫ જેના ચો.મી. ૧૯૫-૭૫ છે.

(૪) સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ લાઠી શાખામા તેમજ અન્ય બેંકમા ગુજ.રમાબેન અરવિંદકુમાર સોરઠીયાના ખાતામા જે રકમ હોય તે નાણાં ઉપરાંત ફીકસ ડીપોઝીટની જે કાઈ રકમ હોય તે તમામ અને નાણાઓ, તેમજ એસ.બી.એસ.મા આવેલ લોકર.

વધુમા અરજદારે તેમની માતા રમાબેન અરવિંદકુમાર સોરઠીયાનું અવસાન થતા અને તેનો એકલાની માલિકીની મિલ્કતો વીલની રૂએ અરજદારના નામે ટ્રાન્સફર કરાવવા કાર્યવાહી હાથ ધરતા, જે તે સરકારી કચેરીના સંબંધિત કર્મચારી તરફથી ગુજ.રમાબેન અરવિંદભાઈ સોરઠીયાના નામે આવેલ મિલ્કતો અરજદારના નામે ટ્રાન્ફર કરાવી હોય તો વીલનુ પ્રોબેટ નામદાર કોર્ટમાંથી મેળવી વિવિધ કચેરીમા રજુ કરવા અરજદારના નામનુ વારસાઈ સર્ટીફીકેટ કાઢી આપવા અત્રેની કોર્ટમાં હાલની અરજી દાખલ કરેલ છે.

અરજદારની સદર અરજી સામે વાંધો કોઈપણ વ્યકતી, સંસ્થા કે પેઢીને વાંધો-તકરાર કે હકક-હીત લાગુ પડતા હોય તો તેઓએ અત્રેની લાઠી ખાતેની પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ, લાઠી ખાતે તે અંગેના જરૂરી આધાર-પુરાવાઓ સાથે મુદત તા. ૨૬/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે જાત અગર માહિતગાર વકીલશ્રી સાથે બિનચુક હાજર રહેવું, જો તેમ કરવામા કસુર થયે આગળની ગોગ્ય તે/એક તરફી કાર્યવાહી હાથ ધરવામા આવશેજેની નોંધ લેશો.

આજરોજ ૨૩ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| (તૈયાર કરનાર) | (મુકાબલ કરનાર) | | હુકમથી |
|---|---|---|---|
| સહી | સહી | કોર્ટનો સિક્કો | સહી |
| (જે પ્રી.ભાદરકા) | (ડી.જી.ચૌહાણ) | | (કે.એમ.સોલંકી) |
| આસીસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડેન્ટ | | રજીસ્ટ્રાર |

## તંત્રી લેખ

# અતિ આધુનિક માર્કેટિંગનો અનોખો પ્રકાર - સ્કેપી માર્કેટિંગ

સમયની સાથે સર્વ કંઈ બદલાય છે. એક સમયે આપણા દેશમાં વસ્તુની આપ-લેથી વ્યવહાર ચાલતો હતો. આજે સમય બદલાઈ ગયો છે. ડિજિટલ ઈન્ડિયામાં હવે યુપીઆઈનો જમાનો છે, જે માત્ર ભારતમાં જ નહીં પણ અન્ય દેશોમાં પણ ચાલી રહ્યો છે.

આપણા પ્રાચીન ગ્રંથોમાં ચાર યુગનું વર્ણન છે. સતયુગથી કળિયુગ સુધીની વાત છે. આ કળિયુગને આધુનિક સમાજશાસ્ત્રીઓ વિકાસના વિવિધ તબક્કાઓના યુગ તરીકે વિભાજિત કરે છે. તેઓના વિચાર મુજબ આ વિકાસયુગ છે. બીજા અર્થમાં વિકાસને જ્ઞાન સાથે સાંકળીને વર્તમાન સમયને જ્ઞાનયુગ કહેવામાં આવે છે. આજે જ્ઞાન સર્વોપરી છે.

આધુનિક જ્ઞાનનો સુપર હાઈ-વે એટલે ઈન્ટરનેટ, જેને તમે ઈન્ફોર્મેશન ટેકનોલોજી પણ કહી શકો. તેના વિકાસને કારણે વેપાર-ઉદ્યોગમાં પણ ઝડપભેર પ્રગતિ થવા લાગી છે. વેપાર-ઉદ્યોગ માર્કેટિંગ આધારિત છે.

ભારતમાં ડિજિટલ ક્રાંતિ થઈ છે. એક સમયે બેંકનો વ્યવહાર જૂની ઢબથી ચાલતો હતો. અત્યારે યુપીઆઈ આવતા પૈસાની લેવડદેવડ એકદમ સરળ અને સીધી બની છે, જેથી લોકોને અનેક પ્રકારની બેંકિંગ પ્રોસિજરમાંથી મુક્તિ મળી ગઈ છે. બેંકના કર્મચારીઓનું પણ કામ ઘટી ગયું છે, કારણ કે પૈસા ઉપાડવાવાળા અને મૂકવાવાળાનો સમય અને શક્તિ બચી ગયા છે.

વેપાર-ઉદ્યોગ અને માર્કેટિંગમાં હવે ઓનલાઈન બિઝનેસ, ડાયરેક્ટ સેલિંગ, મલ્ટીલેવલ માર્કેટિંગ જેવા અનેક નવા પ્રકારો આવ્યા છે. આજે ઢગલાબંધ વેબસાઈટો ચાલી રહી છે. અસંખ્ય વિડિયો યુટ્યુબ પર અપલોડ થઈ રહ્યા છે. આ સમયમાં એક પુસ્તક સૌથી વધુ વંચાઈ રહ્યું છે. તેના લેખક છે નિક વેસ્ટરગાર્ડ. તેઓ લખે છે કે, બિઝનેસ ઈઝ એઝ યુઝવલ? નો સચ થિંગ. લેખકના મતે આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં માર્કેટિંગના તમામ આયામો બદલાઈ ગયા છે. દાયકા પહેલા કહેવાતું કે ગ્રાહક રાજા છે, કસ્ટમર ઈઝ કિંગ. પણ હવે ડાયરેક્ટ સેલિંગના સમયમાં માર્કેટિંગ કરનાર કિંગ છે અને તે સૌથી વધુ કમાઈ રહ્યો છે.

સ્કેપી માર્કેટિંગ તમારી ઓનલાઈન સ્ટ્રેટેજી અને યુક્તિઓ બંને પર ધ્યાન આપે છે. આ પ્રકારની વ્યૂહાત્મક વિચારસરણીમાં કૂદકો મારતા પહેલા જુઓ, વિચારો અને પછી આગળ વધો. અહીં તે કહેવત લાગુ પડે છે કે મોટા લાભ માટે સરખું આયોજન કરી તેને સરખી રીતે સમજવું. અહીં યુક્તિ એટલે તમે તમારા આયોજનને કઈ રીતે અમલમાં મૂકો છો તે સમજવું. તમારા માર્કેટિંગ આયોજનને એકદમ સરળ અને સ્પષ્ટ રાખો. લોકો શેની શોધ કરી રહ્યા છે, લોકોને શેની જરૂર છે તે બરાબર સમજો. તેના વિચારોને સન્માન આપી તેની ડિમાન્ડ મુજબ માલ રજૂ કરો એટલે તે ખરીદશે. ટૂંકમાં, લોકો શેની શોધ કરી રહ્યા છે તેનાથી શરૂઆત કરો. ગ્રાહકને જેમાં લાભ દેખાશે તે વસ્તુ તે ખરીદશે. તમારે વેચાણ માટે આક્રમક બનવું નહીં પડે. તમે ૧૦ જણાને મળશો તો એમાંથી ચાર હા પાડશે અને એક વ્યક્તિ ખરીદશે. હવે જો તમારે ૧૦ કસ્ટમર જોઈતા હોય તો તમારે ૧૦૦ વ્યક્તિઓને એપ્રોચ કરવો પડે. તેનું ફોલોઅપ લેવું પડે. ધીરજ રાખવી પડે. આ માટે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ એટલે સ્કેપી માર્કેટિંગ. બીજા શબ્દોમાં કહીએ તો સ્કેપી માર્કેટિંગ એટલે મર્યાદિત સાધનોમાં અસરકારક વ્યૂહરચનાનો ઉપયોગ કરી ઉત્તમ પરિણામો મેળવવા. માર્કેટિંગના નવા આયામો વિકસિત થઈ રહ્યા છે.

# અરબી સમુદ્રની નીચે ધબકશે ભારતના વિકાસની પાઇપ લાઇન

હોર્મુઝની ખાડીમાં જ્યારે તણાવ વધે છે ત્યારે દુનિયાભરના દેશોના શ્વાસ અટકી જાય છે, કારણ કે ત્યાંથી જ મોટા ભાગનું તેલ અને ગેસ પસાર થાય છે. ભારત જેવો દેશ જે પોતાની જરૂરિયાતનું મોટા ભાગનું ખનિજ તેલ બહારથી મંગાવે છે, તેના માટે આ એક સતત ચિંતાનો વિષય રહ્યો છે. જહાજો મારફતે આવતો ગેસ અને તેલ ક્યારેક મોડો પડે, ક્યારેક ખર્ચ વધારી દે અને ક્યારેક આંતરરાષ્ટ્રીય તણાવને કારણે અટકી પણ જાય. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે ભારતે હવે એક નવી વ્યૂહરચના પર કામ શરૂ કર્યું છે, જે સામાન્ય માણસના રસોડાથી માંડીને દેશના અર્થતંત્ર સુધી દરેકને સ્પર્શે એવી છે.

આ વ્યૂહરચનાનું નામ છે સમુદ્રની નીચે પાઈપલાઈન પાથરવી. ઓમાન અને સંયુક્ત આરબ અમીરાતના દરિયાકાંઠેથી નીકળીને અરબી સમુદ્રના ઊંડા પાણીમાંથી પસાર થઈને સીધી ગુજરાત અને મહારાષ્ટ્રના કિનારે પહોંચતી આ પાઈપલાઈન ભારતની ઊર્જા સુરક્ષાને નવો આધાર આપશે. શરૂઆતમાં આ યોજના માત્ર ગેસ માટે વિચારાઈ હતી, પણ હવે દરિયાઈ માર્ગે ક્રૂડ ઓઈલ લાવવાની શક્યતા પર પણ તકનિકી અભ્યાસ ચાલી રહ્યો છે. ઊંડા સમુદ્રમાં પાઈપલાઈન નાખવાની ટેકનોલોજી, તેનો ખર્ચ અને તેની સલામતી જેવા તમામ પાસાંની ઝીણવટભરી તપાસ થઈ રહી છે.

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે તાજેતરમાં યુએઈના વિદેશ વેપાર મંત્રી સાથેની મુલાકાત બાદ આ વાતની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે હવે ઓમાન અને યુએઈથી ભારત સુધી સીધી સમુદ્રની નીચે પાઈપલાઈનના પ્રોજેક્ટને પોતાની ટોચની પ્રાથમિકતાઓમાં સામેલ કર્યો છે. આ પ્રોજેક્ટને મિડલ ઈસ્ટ ટુ ઈન્ડિયા ડીપ વોટર પાઈપલાઈન તરીકે ઓળખવામાં આવે છે. નામ જ બતાવે છે કે આ કોઈ નાનું કામ નથી, આ ઈજનેરીનો એક અદભુત પ્રયોગ છે.

વિચાર કરો, સમુદ્રની સપાટીથી લગભગ ત્રણ હજાર ચારસો પચાસ મીટરની ઊંડાઈએ પાઈપલાઈન પાથરવી એ કેટલું મોટું પડકારભર્યું કામ છે. ત્યાં પાણીનું દબાણ અત્યંત ઊંચું હોય છે, સમુદ્રની સપાટી પર ખડકો હોય છે અને ખીણોમાંથી માર્ગ કાઢવાનો હોય છે. ભવિષ્યમાં તેનું સમારકામ કરવું પડે તો પણ એ સહેલું નથી. છતાં ભારત અને તેના ભાગીદાર દેશો આ પડકાર ઝીલવા તૈયાર થયા છે, કારણ કે તેનો લાભ એટલો મોટો છે કે મહેનત વસૂલ થઈ જાય.



આ પાઈપલાઈનની લંબાઈ બારસોથી બે હજાર કિલોમીટર જેટલી હશે અને તેનો અંદાજિત ખર્ચ ચાલીસ હજાર કરોડ રૂપિયાની આસપાસ મૂકવામાં આવ્યો છે. તેની ક્ષમતા રોજના ત્રણ કરોડ દસ લાખ ઘનમીટર કુદરતી ગેસ પહોંચાડવાની હશે. એક વખત આ વ્યવસ્થા કાર્યરત થઈ જાય પછી ઓમાન, યુએઈ, કતાર અને સાઉદી અરેબિયાના ગેસ અને તેલના ભંડારમાંથી સીધો અને અવિરત પુરવઠો મળતો રહેશે. વચ્ચે કોઈ જહાજની રાહ જોવી નહીં પડે,

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હોર્મુઝની ખાડીના તણાવની ચિંતા નહીં રહે અને હવામાન બગડે તોપણ પુરવઠો અટકશે નહીં.

સામાન્ય માણસને થશે કે આટલા ઊંડા સમુદ્રની વાતથી મારા ઘરને શું લેવાદેવા. પણ લેવાદેવા ઘણી છે. આજે આપણે જે એલપીજીનો બાટલો વાપરીએ છીએ, જે સીએનજીથી વાહન ચાલે છે, જે ખાતરથી ખેતર લીલું રહે છે અને જે વીજળીથી કારખાના ધમધમે છે, તે બધામાં ગેસનો મોટો ફાળો છે. જ્યારે ગેસ અને તેલ જહાજમાં આવે છે ત્યારે તેનું ભાડું લાગે, વીમાનો ખર્ચ લાગે અને રસ્તામાં વિલંબ થાય તો બજારમાં ભાવ વધી જાય. પાઈપલાઈનથી આ વચ્ચેનો ખર્ચ ઘટશે. પરિવહન અને વીમાનો ખર્ચ ઘટશે એટલે બજારમાં અચાનક ભાવ વધારાના જે આંચકા આવે છે તેનું દબાણ ભારત પર ઓછું પડશે. સીધી ભાષામાં કહીએ તો રસોડાનો ખર્ચ સ્થિર રહેવામાં મદદ મળશે અને ઉદ્યોગોને સસ્તી ઊર્જા મળશે.

ભારત આજે પોતાની જરૂરિયાતનું લગભગ અઠ્યાસી ટકા ખનિજ તેલ આયાત કરે છે. દેશમાં આવતો અડધાથી વધુ એલપીજી અને એલએનજી કતાર અને યુએઈમાંથી આ જ દરિયાઈ માર્ગે જહાજોમાં આવે છે. એટલે આ પાઈપલાઈન માત્ર એક નવો રસ્તો નથી, તે ભારતની ઊર્જાની નાડીને મજબૂત કરવાનો ઉપાય છે. જ્યારે દેશ પોતાની ઊર્જા જરૂરિયાત માટે સુરક્ષિત માર્ગ ઊભો કરે છે ત્યારે તેની વિદેશ નીતિ પણ મજબૂત બને છે, તેને કોઈના દબાણમાં આવવું પડતું નથી.

આ પ્રોજેક્ટમાં આશાનું એક કિરણ પહેલેથી દેખાયું છે. પ્રોજેક્ટ વિકસાવનાર સાઉથ એશિયા ગેસ એન્ટરપ્રાઈઝે લગભગ પચીસ કરોડના ખર્ચે ત્રણ કિલોમીટર લાંબી પાઈપલાઈન પાથરીને તેની પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું છે. સમુદ્રના સર્વે માટેનું આ પહેલું પગલું હતું. હવે એકવાર બધી શરતો પૂરી થઈ જાય પછી નિર્માણમાં લગભગ પાંચથી સાત વર્ષનો સમય લાગવાની ધારણા છે. પાંચ સાત વર્ષ લાંબો સમય લાગે, પણ જે કામ સદીઓ સુધી લાભ આપવાનું હોય તેને ઉતાવળે ન કરાય.

ગુજરાત માટે આ વાત વિશેષ ગૌરવની છે. આ પાઈપલાઈન ગુજરાતના દરિયાકાંઠે આવશે. જે ગુજરાતે વેપાર માટે દરિયો ખેડ્યો છે, જેના બંદરોએ સદીઓથી દુનિયાને જોડી છે, તે જ ગુજરાત હવે ઊર્જા કોરિડોરનું પ્રવેશદ્વાર બનશે. અહીંથી ગેસ દેશના ખૂણે ખૂણે પહોંચશે. રોજગારી વધશે, નવા ઉદ્યોગો આવશે અને તકનિકી જાણકારી પણ વધશે. ઊંડા સમુદ્રમાં કામ કરતા ઈજનેરો, ડાઈવર્સ, વૈજ્ઞાનિકો અને કામદારોનો એક નવો વર્ગ તૈયાર થશે.

કોઈપણ મોટા સ્વપ્નની જેમ આમાં પણ મુશ્કેલીઓ છે. ઊંડાઈનું દબાણ, ખર્ચનો બોજો, પર્યાવરણની ચિંતા અને આંતરરાષ્ટ્રીય સહકારની જરૂરિયાત, આ બધું સંભાળવું પડશે. પણ ભારતે અગાઉ પણ અઘરા કામો પાર પાડ્યા છે. સમુદ્રની નીચેથી ઊર્જા લાવવાનો આ પ્રયાસ એ દિશામાં એક મજબૂત પગલું છે કે ભારત હવે માત્ર ખરીદનાર દેશ નથી, તે ભવિષ્યની વ્યવસ્થા ઘડનાર દેશ છે.

આ પાઈપલાઈન દેખાતી નથી, તે સમુદ્રની નીચે હશે, પણ તેની અસર દરેક ઘરમાં દેખાશે. જ્યારે રસોઈનો ગેસ સમયસર અને વ્યાજબી ભાવે મળશે, જ્યારે કારખાનાને અટક્યા વિના ઊર્જા મળશે, જ્યારે દેશને કોઈ ખાડીના તણાવની બીક નહીં રહે, ત્યારે આપણને સમજાશે કે આજે લેવાયેલો આ નિર્ણય કેટલો દૂરંદેશીભર્યો હતો. આખો પ્રોજેક્ટ ભારત માટે ગૌરવ સમાન હશે, કારણ કે તે આપણને શીખવે છે કે સાચી તાકાત શસ્ત્રોમાં નથી હોતી, સાચી તાકાત પોતાના લોકોના જીવનને સુરક્ષિત અને સરળ બનાવવાની દૃષ્ટિમાં હોય છે.

**ઉર્જા ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ભારત અને યુએઈ વચ્ચે ઊંડા સમુદ્રમાં એક પાઇપલાઇન પાથરવાની એક મહત્વપૂર્ણ યોજનાની તૈયારી થઈ રહી છે આને ઉર્જા કોરિડોર કહી શકાય. એન્જિનિયરિંગની અનોખી કમાલ રાષ્ટ્રના વિકાસનું ઊંચુ શિખર હશે.**

## શબ્દ સંજોગ-૨૨૭૩



**આડી ચાવી :**
(૧) નમ્રતાથી કહેવુ તે (૪)
(૪) છૂટાછેડા (૪)
(૭) પ્રજાનુ શાસન કરનારી સતા (૪)
(૯) કરો અંગ્રેજી 'નસીબ' (૨)
(૧૦) એક પશુ (૩)
(૧૨) ઈશ્વર, પરવર દિગાર (૨)
(૧૪) કોઈની મજાલ છે કે,, આપનો...વાંકો કરે.. .! (૨)
(૧૫) સિંહ આ જંગલમાં જોવા મળે (૨)
(૧૭) એક જાતનો વેલો (૩)
(૧૯) એક તેલી બી (૨)
(૨૧) એક નદી (૨)
(૨૨) પ્રવાસ, ફરવા જેવુ તે (૩)
(૨૪) આંગળીથી વેગળા તે વેગળા (૨)
(૨૬) પશુનો નહોર વાળો, અવયવ (૨)
(૨૭) જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાંધણ (૪)
(૩૦) ઈંચ જેટલુ માપ (૨)
(૩૨) મરણ થયુ આડુ-અવળુ (૩)
(૩૩) મુદ્દો, વિષય (૩)

**ઉભી ચાવી :**
(૧) તમા, પરવા (૪)
(૨) જોડો, જૂતુ (૩)
(૩) થર, પડ (૨)
(૪) હસવા પકડવાનો આંકડો (૨)
(૫) માછલા પકડવાનો આંકડો (૨)
(૬) ખોદવા માટેનુ એક ઓજાર (૩)
(૮) આડખીલી, નડતર (૩)
(૧૧) એક દક્ષિણ ભારતીય પહેરવેશ (૨)
(૧૩) બહેનના પતિ (૩)
(૧૪) મરનારની મિલકતનો હકદાર (૩)
(૧૬) એક વનસ્પતિ (૫)
(૧૮) પરોઢિયુ (૨)
(૨૦) લાખ (૨)
(૨૧) નિષ્ફળ નીવડે તેવુ (૪)
(૨૩) ફાયદો, પરિણામ (૨)
(૨૫) ભરોસો, આધાર (૩)
(૨૮) એક વિદેશી દારૂ (૨)
(૨૯) ભરડકુ, કાંજી (૨)
(૩૧) શુકલ પક્ષ (૨)

## શબ્દ સંજોગ-૨૨૭૨ જવાબ

**આડી ચાવી:** (૧) પસ્તાવો (૩) લોહ ચુંબક (૬) લક (૭) વડ (૯) હાક (૧૦) તમામ (૧૨) રગ (૧૩) સકળ (૧૪) તકલાદી (૧૭) ગાડર (૨૦) ઢીમર (૨૧) રઝળવુ (૨૨) ચલ (૨૩) નત (૨૪) સાણધાર (સાધારણ) (૨૫) પા (૨૬) રસમ (૨૭) ડણક. **ઉભી ચાવી:** (૧) પરવર દિગાર (૨) વોલ (૩) લોલક (૪) હક (૫) કસમ (૮) ડગ (૯) હાલત (૧૦) તકદીર (૧૧) માળ (૧૩) સલામ (૧૫) કઢી (૧૬) જેસલ (૧૮) ડઝન (૧૯) રળતર (૨૨) ચરણ (૨૪) સામ (૨૫) ધાડ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૭૯૫ |
| ઘઉં લોકવન | ૫૪૪ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૪૮ | ૫૯૫ |
| જુવાર સફેદ | ૧૪૪૦ | ૧૫૨૦ |
| જુવાર લાલ | ૧૨૭૧ | ૧૩૪૦ |
| જુવાર પીળી | ૪૫૧ | ૫૩૮ |
| બાજરી | ૪૦૦ | ૪૬૩ |
| તુવેર | ૧૩૦૦ | ૧૮૧૮ |
| ચણા પીળા | ૧૧૮૦ | ૧૪૨૧ |
| ચણા સફેદ | ૧૫૫૦ | ૨૧૫૮ |
| અડદ | ૧૪૫૦ | ૧૯૧૨ |
| મગ | ૧૩૩૦ | ૧૬૯૦ |
| વાલ દેશી | ૮૪૦ | ૧૩૯૨ |
| ચોળી | ૯૧૦ | ૧૫૦૦ |
| વટાણા | ૫૦૦ | ૧૦૧૧ |
| રાજમા | ૧૨૦૦ | ૨૨૫૧ |
| સીંગદાણા | ૧૪૭૫ | ૧૮૩૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૫૦૭ |
| મગફળી જીણી | ૧૧૯૦ | ૧૬૭૫ |
| તલી | ૨૧૦૦ | ૨૬૩૪ |
| એરંડા | ૧૧૫૦ | ૧૪૬૪ |
| સુવા | ૧૪૮૦ | ૧૫૮૦ |
| સોયાબીન | ૧૦૪૦ | ૧૧૬૦ |
| સીંગફાડા | ૧૪૪૦ | ૧૬૦૭ |
| કાળા તલ | ૨૫૨૫ | ૩૫૫૦ |
| લસણ | ૧૧૪૦ | ૨૪૪૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૮૫૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૯૬૦ |
| વરીયાળી | ૧૧૫૦ | ૨૫૮૫ |
| જીરૂ | ૩૬૨૦ | ૪૨૦૦ |
| રાય | ૧૨૪૦ | ૧૮૫૪ |
| મેથી | ૧૦૦૦ | ૧૬૪૨ |
| અશેરીયો | ૧૦૮૧ | ૧૦૮૧ |
| કલોંજી | ૩૪૭૫ | ૪૧૨૫ |
| રાયડો | ૧૨૪૦ | ૧૫૩૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૯૮૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૭૫૪ | ૩૫૫૨ |
| પપૈયા | ૨૦૭ | ૪૧૦ |
| બટેટા | ૯૬ | ૩૦૫ |
| ડુંગળી સુકી | ૪૪૧ | ૮૩૫ |
| ટમેટા | ૨૮૯ | ૫૦૨ |
| સુરણ | ૫૦૭ | ૭૧૦ |
| કોથમરી | ૩૭૯ | ૭૫૪ |
| મુળા | ૧૭૬ | ૩૮૩ |
| રીંગણા | ૨૯૨ | ૬૮૦ |
| કોબીજ | ૭૫ | ૧૪૮ |
| ફ્લાવર | ૨૫૯ | ૪૦૩ |
| ભીંડો | ૩૯૮ | ૯૫૨ |
| ગુવાર | ૫૨૫ | ૧૩૮૪ |
| ચોળાસીંગ | ૪૧૯ | ૧૦૨૧ |
| વાલોળ | ૫૫૯ | ૧૦૧૩ |
| ટીંડોળા | ૫૨૮ | ૧૦૭૯ |
| દુધી | ૧૪૨ | ૨૯૫ |
| કારેલા | ૩૭૭ | ૫૮૨ |
| સરગવો | ૭૫૫ | ૧૨૧૧ |
| તુરીયા | ૩૪૬ | ૮૦૩ |
| પરવર | ૩૮૮ | ૫૯૨ |
| કાકડી | ૩૩૨ | ૯૫૮ |
| ગાજર | ૨૬૮ | ૪૪૬ |
| વટાણા | ૧૮૨૧ | ૨૪૪૩ |
| તુવેરસીંગ | ૬૧૨ | ૮૨૧ |
| કંટોળા | ૧૭૮૫ | ૨૦૧૯ |
| ગલકા | ૩૧૧ | ૫૩૨ |
| બીટ | ૩૧૪ | ૫૨૨ |
| મેથી | ૮૧૮ | ૧૨૧૬ |
| વાલ | ૭૩૫ | ૯૪૬ |
| ડુંગળી લીલી | ૨૨૧ | ૪૩૩ |
| આદુ | ૧૫૨૬ | ૩૦૧૮ |
| મરચા લીલા | ૧૪૨ | ૪૧૧ |
| હળદર લીલી | ૮૧૮ | ૧૨૧૧ |
| લસણ લીલું | ૨૦૨૯ | ૨૯૩૨ |
| મગફળી લીલી | ૫૨૪ | ૮૧૩ |
| મકાઇ લીલી | ૧૫૪ | ૨૯૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૬૧ | ૧૭૮૬ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૭૪૨ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૬૪૬ |
| સિંગદાણા જાડા | ૧૬૫૦ | ૧૮૦૦ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૭૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૧ | ૧૪૮૧ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૨૮૧ |
| કલંજી | ૨૦૦૧ | ૪૧૯૧ |
| વરીયાળી | ૧૨૭૬ | ૧૮૨૬ |
| ધાણા | ૨૪૦૧ | ૩૦૭૧ |
| લસણ સુકું | ૧૦૪૧ | ૨૧૧૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૯૩૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૮૮૧ |
| તુવેર | ૯૦૧ | ૧૮૪૧ |
| રાય | ૧૬૯૧ | ૧૭૯૧ |
| મેથી | ૧૧૦૧ | ૧૩૬૧ |
| કાંગ | ૪૮૧ | ૭૩૧ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૫૪૬ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૨૨૩૧ |
| તલ - તલી | ૧૭૦૧ | ૨૬૧૧ |
| ધાણી | ૨૫૦૧ | ૨૯૬૧ |
| બાજરો | ૨૯૧ | ૪૧૧ |
| જુવાર | ૧૩૩૧ | ૧૪૪૧ |
| મકાઇ | ૫૦૦ | ૭૦૦ |
| મગ | ૮૦૧ | ૧૮૫૧ |
| ચણા | ૧૧૧૧ | ૧૪૧૬ |
| વાલ | ૧૧૯૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૩૭૬ | ૧૫૨૬ |
| સોયાબીન | ૧૧૧૧ | ૧૧૬૧ |
| ગોગળી | ૯૨૬ | ૧૩૪૧ |
| વટાણા | ૩૫૧ | ૭૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૫૦૦ |
| મરચા | ૧૬૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૮૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૮૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૬૦૦ |
| કેરી કાચી | ૩૦૦૦ | ૪૦૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૭૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| ચૂણ | ૬૦૦ | ૧૦૦૦ |
| ક્રિદ્દિક્રિ | ૬૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૫૦ | ૮૦ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૭૦૦ |
| વાલોર | ૪૦૦ | ૯૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૩૦૦ |
| આદુ | ૯૮૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૨ |
| પાલક પુરા | ૩ | ૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૩૦ | ૧૪૫૦ |
| શિંગ મોટી | ૧૦૩૫ | ૧૪૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૮૧૫ |
| તલ સફેદ | ૧૩૬૦ | ૨૬૪૫ |
| તલ કાળા | ૨૦૭૨ | ૩૬૨૦ |
| તલ કાશમીરી | ૨૩૭૦ | ૨૪૧૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૭૨૫ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૭૦ |
| મકાઈ | ૩૬૦ | ૪૦૦ |
| અડદ | ૧૫૫૦ | ૧૮૧૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૪૨૦ |
| તુવેર | ૭૭૦ | ૧૬૪૦ |
| કપાસ | ૭૦૦ | ૧૭૯૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૪૩૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૦૦ |
| ધાણી | ૨૨૯૦ | ૨૮૦૦ |
| મેથી | ૧૧૦૫ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૩૦ | ૨૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ટમેટાં | ૫૪૦ | ૫૮૦ |
| સુરણ | ૯૨૦ | ૧૦૨૦ |
| ગાજર | ૫૩૦ | ૫૯૦ |
| દુધી | ૨૯૦ | ૩૪૦ |
| કારેલા | ૪૦૦ | ૫૨૦ |
| ગલકા | ૪૨૦ | ૬૧૦ |
| મૂળા | ૧૪૦ | ૨૦૦ |
| કાકડી | ૪૨૦ | ૫૩૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૫૦૦ | ૨૬૦૦ |
| તુરીયા | ૭૩૦ | ૮૩૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૩૦૦ | ૧૩૬૦ |
| કોથમીર | ૪૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૬૮૦ | ૭૯૦ |
| બીટ | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૪૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૮૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૬૦૦ | ૮૩૦ |
| લસણ લીલું | ૨૧૦૦ | ૨૪૦૦ |
| લસણ સુકું | ૧૭૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લીબુ | ૧૬૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૯૦ | ૧૪૦૧ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૯૮ |
| તલ કાળા | ૨૬૫૦ | ૩૩૬૦ |
| જીરૂ | ૩૭૬૬ | ૪૧૧૨ |
| કપાસ | ૧૫૦૦ | ૧૯૦૩ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| જુવાર | ૬૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ધાણા | ૨૬૦૦ | ૨૮૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૪૦ | ૧૭૫૪ |
| મગફળી | ૧૦૫૦ | ૧૧૪૬ |
| ઘઉં | ૫૧૧ | ૫૬૧ |
| ચણા | ૧૩૨૫ | ૧૩૨૫ |
| તુવેર | ૧૭૩૬ | ૧૭૩૬ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૮૧૧ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૧ |
| ચણા | ૧૨૭૫ | ૧૩૦૦ |
| ધાણા | ૨૪૬૦ | ૨૪૬૦ |
| શીંગદાણા | ૧૩૮૦ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૨૩૯૭ |
| મગફળી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તલ કાળા | ૨૭૫૦ | ૩૦૦૦ |
| શીંગદાણા | ૧૩૮૦ | ૧૭૦૦ |
| મગ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૧૧૦૩ | ૧૧૦૩ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૭૧૦ | ૧૮૭૦ |
| કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૫૭૦ |
| મગફળી | ૧૨૩૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૩૧૦ | ૪૧૧૦ |
| ચણા | ૧૨૧૦ | ૧૩૧૦ |
| ઘઉ | ૫૨૫ | ૫૮૧ |
| મગ | ૧૮૧૦ | ૨૨૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૪૬ |
| ઘઉં | ૪૯૧ | ૫૭૦ |
| ચણા | ૯૦૧ | ૧૩૧૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૭૪૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૭૨૧ |
| મગફળી | ૧૦૦૧ | ૧૨૭૧ |
| જીરૂ | ૪૦૦૧ | ૪૦૦૧ |
| ધાણા | ૨૩૨૧ | ૨૩૨૧ |
| મેથી | ૧૨૨૧ | ૧૨૨૧ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૮૩૬ |
| તલ સફેદ | ૧૪૦૧ | ૨૪૧૧ |
| શિંગફાડા | ૧૫૦૧ | ૧૮૦૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૮૦૦ | ૧૫૧૧ |
| શીંગ જી-૨૦ | ૧૧૯૯ | ૧૩૬૬ |
| જુવાર | ૭૫૨ | ૧૧૦૦ |
| બાજરી | ૪૦૪ | ૫૦૭ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૬૩૬ |
| અડદ | ૧૩૧૫ | ૧૮૭૫ |
| મગ | ૮૪૦ | ૧૮૭૫ |
| ચણા | ૧૨૨૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૪૧૭ |
| તુવેર | ૧૬૨૫ | ૧૬૨૫ |
| ડુંગળી લાલ | ૮૬ | ૮૨૯ |
| ડુંગળી સફેદ | ૧૯૯૮ | ૫૫૭ |
| કપાસ શંકર | ૮૫૦ | ૧૭૪૨ |
| નાળીયેર | ૫૦૪ | ૨૯૭૫ |
| શીગ ટી.જે. | ૯૦૦ | ૧૩૦૯ |
| શીંગ ૬૬ | ૧૦૪૫ | ૨૦૪૬ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૦૭૫ | ૧૩૨૩ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૪૭૪ |
| ઘઉં | ૫૦૦ | ૫૯૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૧૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૮૪ |
| સોયાબીન | ૯૭૦ | ૧૧૪૨ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૫૧૨ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૪૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૭૯૦ |
| બાજરી | ૪૧૦ | ૪૯૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૫૬ |
| મગ | ૯૦૦ | ૯૩૦ |
| તુવેર | ૮૮૦ | ૧૪૨૫ |
| ચણા | ૧૨૯૦ | ૧૩૭૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૪૭૦ |
| એરંડા | ૧૪૨૦ | ૧૪૬૮ |
| તલ | ૧૭૧૫ | ૨૩૪૦ |
| લસણ | ૮૦૦ | ૨૭૦૦ |
| કપાસ | ૧૪૪૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૫૦ |
| ડુંગળી | ૩૦૦ | ૮૭૫ |
| વટાણા | ૫૮૦ | ૮૫૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૦ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૯૦ |
| બાજરો | ૪૧૫ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૬૯ |
| જુવાર | ૪૦૦ | ૧૪૧૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૭૬ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સા.કુંડલાના આંબરડી સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

અમરેલી,તા.૦૧

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે આંબરડી સેવા સહકારી મંડળીની ૭૭મી વાર્ષિક સાધારણ સભા ખોડીયાર માતાજી મંદિર સંકુલમાં યોજાઈ હતી. મંડળીના પ્રમુખ અને સાવરકુંડલા ખેતી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન દિપકભાઈ માલાણીએ અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું. શરૂઆતમાં મંત્રી ભાવેશભાઈ ચૌહાણે વર્ષ દરમિયાનની કામગીરી, આવક-જાવકના હિસાબો તથા વ્યવસ્થાપક સમિતિએ નક્કી કરેલા ડિવિડન્ડ અને નફાની



વહેંચણીની વિગતો રજૂ કરી હતી. ઈફકોના પ્રતિનિધિ કશ્યપભાઈ બારૈયાએ ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. રાષ્ટ્રીય સહકારી વ્યવસ્થાપન સંસ્થા, ગાંધીનગરના આચાર્ય ડી.બી. ગોટીએ મંડળીને પ્રગતિશીલ ગણાવી હતી. અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયાએ મંડળીની ''ઉપાડો લાખ અને ભરો અઠ્ઠાણું હજાર'' યોજનાને અનુકરણીય ગણાવી હતી. આ યોજનામાં સરકાર તરફથી મળતા સાત ટકા ઉપરાંત મંડળી બે ટકા સહાય ચૂકવે છે. અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનીષભાઈ સંઘાણીએ ખેડૂતલક્ષી સેવાઓ, ભાડે મશીન કેન્દ્ર, જંતુનાશક દવાઓ, ખાતર, બિયારણ વેચાણ અને ડ્રોન દ્વારા દવા છંટકાવની સેવાઓને નમૂનારૂપ ગણાવી હતી. પ્રમુખે મંડળીએ નોંધપાત્ર નફો કર્યો હોવાનું જણાવી ૧૫ ટકા ડિવિડન્ડ જાહેર કર્યું હતું. આ પ્રસંગે વ્યાજ સહાયના ચેક તેમજ અકસ્માતે મૃત્યુ પામેલા બે સભાસદોના વારસદારોને રૂ. ૨૫,૦૦૦ના ચેક અપાયા હતા. સભાનું સંચાલન અને આભારવિધિ સાવરકુંડલા તાલુકા સંઘના મેનેજર રાજુભાઈ માલાણીએ કરી હતી.

**ઘાયલ હોવા છતાં મુસાફરોને સુરક્ષિત રાખવા બદલ અમરેલી જિલ્લાવાસીઓએ અભિનંદન પાઠવ્યા**

# સા.કુંડલાના જમાઈ કેપ્ટન સ્મીત મચ્છરે દુબઈ-તેલ અવીવ ફલાઈટના ૧૮૦ મુસાફરોનો જીવ બચાવ્યો

**સ્મીત મચ્છરના પરિવાર સાથે પીએમ મોદીએ ફોન પર વાત કરી કેપ્ટનની તબિયતના હાલચાલ પુછ્યા**

સાવરકુંડલા, તા.૦૧

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફલાયદુબઈની ફલાઈટમાં બુધવારે બનેલી ગંભીર ઘટનામાં હિંમતપૂર્વક ૧૮૦ મુસાફરોનો બચાવ કરનાર કેપ્ટન સ્મિત મચ્છરના પરિવારજનોમાં ચિંતા સાથે ગર્વની લાગણી જોવા મળી રહી છે. સાવરકુંડલામાં રહેતા તેમના કૌટુંબિક સાળા હિરેનભાઈ જોગીએ જણાવ્યું હતું કે, ''એ અમારા બનેવી થાય છે. અમને તેમની પર ગર્વ છે. હાલમાં તેમની સારવાર ચાલી રહી છે.'' સ્મિત મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ગામના વતની છે. તેમનો પરિવાર હાલ મુંબઈમાં સ્થાયી છે. સ્મિતનું સ્કૂલિંગ તેમજ આગળનો અભ્યાસ મુંબઈમાં જ થયો હતો. વર્ષ ૨૦૧૨માં તેમના



લગ્ન થયા હતા. મુંબઈમાં આશરે ૧૧ વર્ષ નોકરી કર્યા બાદ તેઓ ફલાય દુબઈ એરલાઈન્સ સાથે જોડાયા હતા. એવિએશન ક્ષેત્રમાં લાંબા સમયની સેવા દરમિયાન તેમણે બહોળો અનુભવ મેળવ્યો હતો. સસરા જયસુખભાઈ જોગી અને સાળા હિરેનભાઈ જોગીએ જણાવ્યું કે પરિવાર હાલ ચિંતિત છે. ઘટનામાં સ્મિતે પેસેન્જરોને બચાવવા હિંમતપૂર્વક કામગીરી કરી હતી. હાલમાં તેમની સારવાર ચાલી રહી છે અને પરિવાર ઝડપી સાજા થવાની પ્રાર્થના કરી રહ્યો છે. પ્રધાનમંત્રી મોદીએ પણ સ્મીત મચ્છરના પરિવારજનો સાથે ફોનમાં વાત કરી તેમની તબિયતના હાલચાલ પુછી સમગ્ર દેશવાસીઓને તેમની બહાદુરી પર ગર્વ હોવાનું જણાવ્યું હતું.

# સુરતમાં યોજાયેલા વિચારોના વાવેતર કાર્યક્રમમાં સફળતાના સાચા અર્થ અને મૂલ્યો અંગે મંથન યોજાયું

સુરત,તા.૦૧

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ૧૭૯મો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વક્તા કાનજીભાઈ ભાલાળાએ સફળતાને માત્ર પૈસાથી ન માપતાં જીવનને અર્થપૂર્ણ બનાવવાની સતત યાત્રા ગણાવી હતી અને સફળતા, ખુશી, સાહસ, આત્મવિશ્વાસ તેમજ મધુર સંબંધોનું 'પંચામૃત' રજૂ કર્યું હતું.



રાજહંસ ગ્રૂપના ચેરમેન જયેશભાઈ દેસાઈએ માતા-પિતાના સંસ્કારો, સત્યનો માર્ગ, પ્રામાણિકતા અને આધ્યાત્મિકતાને ખરી સફળતા ગણાવી હતી. આ પ્રસંગે ક્રેડાઈ સુરતના ચેરમેન સી.એ. જી. આર. આસોદરિયા અને સુરત ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ જગદીશભાઈ ખુંટનું અભિવાદન કરાયું હતું. આસોદરિયાએ યોગ્ય નાણાકીય આયોજનને સફળતાનો આધાર ગણાવ્યો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય પ્રવીણભાઈ ઘોઘારી અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને સંચાલન ભાવેશભાઈ રફાળીયા તથા અંકિતભાઈ સુરાણીએ કર્યું હતું.

# કોડિનારની જ્ઞાનશક્તિ સ્કૂલ તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ સ્થાને



કોડીનાર,તા.૦૧

કોડીનારની જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ ઍક્સેલેન્સના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત યોજાયેલી તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિદ્યાર્થીઓએ સમગ્ર સ્પર્ધા દરમિયાન ઉત્કૃષ્ટ રમતકૌશલ્ય, ટીમવર્ક, શિસ્ત, આત્મવિશ્વાસ અને સંઘર્ષશીલતાનું પ્રદર્શન કરી શાનદાર રમત દાખવી હતી.

વિદ્યાર્થીઓની આ સફળતા તેમની સતત મહેનત, રમત પ્રત્યેની લગન તથા માર્ગદર્શકોના યોગ્ય માર્ગદર્શનનું પરિણામ છે.

# ઉત્તરપ્રદેશના પરિવારની ઓટી રિક્ષાને કારે ટક્કર મારતા ૭ લોકો ઘાયલ

ઉના, તા.૦૧

ઉત્તર પ્રદેશનો પરિવાર સોમનાથ મંદિરના દર્શન પૂર્ણ કરી ઓટો રિક્ષામાં દીવ તરફ જઈ રહ્યો હતો. દરમિયાન કેસરિયા ગામ પાસે કારચાલકે અચાનક વાહન પરનો કાબૂ ગુમાવતા બેકાબૂ કારે આગળ જતી રિક્ષાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે કાર અને રિક્ષા બંને રસ્તાની સાઈડમાં પલટી ગયા હતા. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વાહનોમાં ફસાયેલા ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા.



તસવીર : કૈલાશ ભટ્ટ

૧૦૮ને જાણ કરાતા ઉના અને ડોળાસાની ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઘાયલોને ઉનાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં પૂનમ શર્મા, લજ્જાવતી દેવેન્દ્રસિંહ, સુનિલ શર્મા, સાત વર્ષીય અર્પિત રાઘવ, અનિતા શર્મા, સરિતા શર્મા અને માનસિંગભાઈ સહિત સાત લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઉના પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને વાહનો હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૬ થી તા. ૦૮-૧૦-૨૦૨૬ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર



"દારૂ માણસને પોતાનું ભાન ભુલાવી દે છે અને જ્યાં સુધી તેની અસર રહે છે, ત્યાં સુધી તે કોઈ પણ ઉપયોગી કામ કરવા માટે તદ્દન અસમર્થ બની જાય છે. જેઓ દારૂ પીવે છે તેઓ પોતાને બરબાદ કરે છે અને પોતાના પરિવારને પણ પાયમાલ કરે છે.

-મહાત્મા ગાંધી

### સંદેશો

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રતજી**
**રાજ્યપાલ, ગુજરાત રાજ્ય**

**નશામુક્ત સમાજનું નિર્માણ સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ રાષ્ટ્રના પાયામાં મહત્ત્વપૂર્ણ** યોગદાન આપે છે. વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવારના સુખ-શાંતિ અને સમાજની પ્રગતિ માટે વ્યસન ગંભીર રીતે પડકારરૂપ બને છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યક્તિના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. **નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.** તેથી વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવી અને યુવા પેઢીને નશાના દુષ્પરિણામોથી માહિતગાર કરવી એ સમયની આવશ્યકતા છે.

ગુજરાતની સ્થાપનાથી રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ થી ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે, તેનું આયોજન અભિનંદનીય છે.** ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ એટલે કે **૦૨ ઓક્ટોબરથી ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલા "નશાબંધી સપ્તાહ" નિમિત્તે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.**

વિકસિત ગુજરાતના નિર્માણમાં વ્યસનમુક્તિ એ સૌથી મહત્વનો પાયો છે. નશો માત્ર સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને આર્થિક તથા સામાજિક રીતે બરબાદ કરે છે. રાજ્યની યુવાશક્તિ ખોટા માર્ગે ન ફંટાય અને વ્યસનમુક્ત રહી પોતાની ઊર્જા રાષ્ટ્રના વિકાસમાં લગાવે તે અત્યંત જરૂરી છે. ગુજરાત સરકારે નશાબંધીના કાયદાનો હંમેશા કડક અમલ કર્યો છે, પરંતુ આ લડતને જનઆંદોલન બનાવવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

આવો, આ **'નશાબંધી સપ્તાહ'** નિમિત્તે આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણે પોતે વ્યસનોથી દૂર રહીશું અને અન્ય લોકોને પણ નશામુક્ત અને સ્વસ્થ જીવન જીવવા પ્રેરિત કરીશું.

ચાલો, ગાંધીજીના આદર્શોને સાર્થક કરી ગુજરાતને વધુ સમૃદ્ધ, સ્વસ્થ અને ઉજ્જવળ બનાવીએ.

**"વ્યસન મુક્ત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત."**
જય જય ગરવી ગુજરાત!

**હર્ષ સંઘવી**
**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨ જી ઓક્ટોબરથી શરૂ થતા **'નશાબંધી સપ્તાહ' (તા.૦૨/૧૦/૨૦૨૬ થી તા.૦૮/૧૦/૨૦૨૬) ની ઉજવણી પ્રસંગે સમગ્ર રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામના.**

**આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશનું યુવાધન વ્યસનમુક્ત અને સશક્ત બને તે અત્યંત જરૂરી છે.** માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ દેશમાં નશાની પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબના સબળ નેતૃત્વ હેઠળ નશાબંધી અને આબકારી ખાતું રાજ્યમાંથી નશાના દૂષણને નાબૂદ કરવા તથા યુવા પેઢીને વ્યસનમુક્ત બનાવવા માટે નિરંતર સરાહનીય પ્રયાસો કરી રહ્યું છે.**

વ્યસન એ માત્ર એક વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજનું પતન નોતરે છે. નશાબંધી અને આબકારી ખાતા દ્વારા આયોજિત આ **'નશાબંધી સપ્તાહ'** દરમિયાન યોજાનાર વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા રાજ્યના નાગરિકો અને વિશેષ કરીને યુવાનો વ્યસનના દૂષણથી દૂર રહેવા પ્રેરણારૂપ બનશે.

આપણે સૌ સામૂહિક સંકલ્પ લઈએ અને **'વ્યસનમુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ ગુજરાત'ના** નિર્માણમાં આપણું યોગદાન આપીએ.

**'નશાબંધી સપ્તાહ'** ની ઉજવણીના તમામ આયોજનો સફળ રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ!

**કમલેશ પટેલ**
**રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાત રાજ્ય**


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
સ્વચ્છ ભારત
એક કદમ સ્વચ્છતા કી ઓર
સ્વદેશી વ્રત
આ યુગનું મહાવ્રત છે
- મહાત્મા ગાંધી
મહાત્મા ગાંધીજીને જન્મ જયંતી
નિમિત્તે શત્ શત્ નમન
૨ ઑક્ટોબર
ગાંધી જયંતી
પૂજ્ય મહાત્મા ગાંધીજીની
જન્મ જયંતીના અવસરે
સર્વધર્મ પ્રાર્થના સભા
: ગરિમામયી ઉપસ્થિતિ :
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
તારીખઃ ૨ ઑક્ટોબર, ૨૦૨૬, શુક્રવાર
સમયઃ સવારે ૮-૦૦ વાગે
સ્થળઃ મહાત્મા ગાંધી જન્મ સ્થળ, કીર્તિમંદિર, પોરબંદર
"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- નરેન્દ્રભાઇ મોદી, વડાપ્રધાન
સ્વચ્છતા અને સ્વદેશી અપનાવીએ
સ્વચ્છતા અને સ્વદેશીનો સંકલ્પ એ માત્ર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ 'આત્મનિર્ભર ગુજરાત'
અને 'વિકસિત ભારત' ના નિર્માણનો સૌથી મજબૂત પાયો છે. - હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

